નં:-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોલીસી/૯
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તા.૨૬/૨/૨૦૦૭.

**પરિપત્ર:-**

વિષય:- નિગમની વસાહતોમાં જમીનની નીચે દુરંદેશી સુવિધાઓ માટે કેબલ લાઈન, ગેસ પાઈપ લાઈન નાંખવા માટે ભાડાના દર નકકી કરવા અંગેની નીતિ બાબત.

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સ.ર.કયુ/એએલટી/પીઓએલ/૨૯/૩૧/૯૪/૯૧ તા.૯/૭/૯૧.
(૨) પરિપત્ર ક્રમાંક-ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૨૯/૩૧/૧૭૧/૯૨ તા.૨૭/૩/૧૯૯૨.
(૩) પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/(૨)૧૧/૩૧/૫૯૩ તા.૨૦/૬/૧૯૯૫.

નિગમની જુદી જુદી વસાહતોમાં ભુગર્ભ દુરંદેશી સુવિધાઓ જેવી કે ગેસ લાઈન / કેબલ લાઈન કે અન્ય સુવિધાઓ કેન્દ્ર સરકારના પેટ્રોલીયમ અને મીનરલ પાઈપ લાઈન (એકવીઝેશન ઓફ રાઈટ ઓફ યુઝર એન્ડ લેન્ડ ) એકટ-૧૯૬૨ તેમજ અવાર નવાર થયેલ સુધારા સંદર્ભે રાજય સરકાર તરફથી ગુજરાત વોટર એન્ડ ગેસ પાઈપ લાઈન એકટ-૨૦૦૦ ને સુસંગત નિગમની નીતિ નકકી કરવામાં આવેલ છે અને ઉપર મુજબ ૧ થી ૩ સંદર્ભે હેઠળ નીતિમાં સુધારા કરવામાં આવેલ છે.

વધુમાં નિગમના પરિપત્ર ક્રમાંક-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/૧ તા.૭/૧/૨૦૦૪ થી નિગમની નીતિ અનુસાર પરિપત્રિત કરવામાં આવેલ છે જેમાં શરત નં-૧ થી ૬ જેમ છે તેમ રહે છે.

ઉપરોકત પરિપત્રમાં નીચે પ્રમાણેનો આંશિક સુધારો કરવામાં આવે છે.

" નિગમ તરફથી જયારે પણ આ જમીનની જરૂરીયાત ઉપસ્થિત થાય તે સમયે જે તે સંસ્થા ધ્વારા નાખેલી ભુગર્ભ કેબલ લાઈન / ગેસ પાઈપ લાઈન કે અન્ય કોઈ સેવાઓ પોતાના ખર્ચે અને જોખમે તાત્કાલિક ખસેડવાની રહેશે. "

ઉપરોકત નીતિ વિષયક સૂચનો ધ્યાનમાં લઈ પરિપત્રમાં થયેલ જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવા તમામ અધિકારીઓને સૂચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

<u>નકલ રવાનાઃ-</u>
(૧) પ્રમુખશ્રી,
ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.......તરફ જાણ સારું.
(૨) તમામ વસાહત મંડળના પ્રમુખશ્રીઓ........તરફ જાણ સારું.

રવાના કર્યું,
(સહી)
મેનેજર (મહેકમ).